# સ્વાસ્થ્ય ક્ષેત્રે હોસ્પિટલ અને ડૉક્ટરોની છેતરપિંડીનાં કિસ્સા ક્યારે ઓછા થશે?

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

‘ગેમ્સ હોસ્પિટલ્સ પ્લે : ડિકોડિંગ યોર પ્રાઈવેટ હેલ્થકેર એક્સપરીઅન્સ’ નામનું પુસ્તક આવ્યું છે અને તેના ટાઇટલ પરથી કલ્પી શકીએ કે સ્વાસ્થ્ય ક્ષેત્રે થતી ઘાલમેલની વાત તેમાં છે. આપણા દેશમાં જે રીતે સ્વાસ્થ્ય ક્ષેત્ર વિકસી રહ્યું છે તેમાં લોકોને લાભ ચોક્કસ થયો છે; પણ બીજી તરફ ઉમદા કહેવાતાં આ ક્ષેત્રમાં અનેક બદીઓ પણ પ્રવેશી છે. લેખિકા-પત્રકાર અંવતિકા ઘોષે આ વિશે પુસ્તકમાં વિસ્તૃત વાત કરી છે. પુસ્તક લખવાનું મુખ્ય કારણ અવંતિકા જણાવે છે કે, ‘હોસ્પિટલો વિશે જે રીતે લોકો અસુરક્ષતાની લાગણી અનુભવે છે તે કારણે આ લખવાની પ્રેરણા થઈ છે.’ લેખિકાએ દેશના મુખ્ય શહેરોનાં ડૉક્ટરોના ઈન્ટર્વ્યૂ લીધા છે, સ્વાસ્થ્ય ક્ષેત્રે સંકળાયેલ લોકો સાથે સંવાદ કર્યો છે અને સાથે-સાથે પોતાનો વીસ વર્ષનો સ્વાસ્થ્ય ક્ષેત્રના પત્રકારત્વના અનુભવનો નિચોડ પણ પુસ્તકમાં રેડ્યો છે. આ ક્ષેત્રમાં લોકો કેવી રીતે છેતરાય છે અને સાવચેતી રાખ્યા છતાં કેમ આખરે તો હોસ્પિટલ કે ડૉક્ટરની મનમાની આમાં ચાલે છે તેના કેસ સ્ટડીઝ લેખિકાએ આપ્યાં છે.

‘સ્ક્રોલ’ વેબ પોર્ટલ પર પુસ્તકના અંશ આપ્યા છે; તેમાં લેખિકા લખે છે: ‘હોસ્પિટલમાં મોટા ભાગના પેકેજના દર નિયમિત પ્રક્રિયાઓને કવર કરે છે. દરદીઓના ઈલાજની જટિલતા અને અલગ-અલગ વ્યક્તિ મુજબના ભેદને તેમાં સમાવિષ્ટ કરવામાં આવતા નથી. જેમ કે કેટલાંક દરદીઓ ઝડપથી સાજા થઈ શકતા નથી અને તેમને સર્જરી બાદ વધુ સમય હોસ્પિટલમાં રોકાવું પડે છે. કેટલાંક કિસ્સામાં દરદીઓને સર્જરી પહેલાં કોઈ અન્ય પ્રશ્ન સામે આવે છે. જે કારણે પણ સર્જરી અર્થે વધુ સમય લાગે છે. આ પ્રકારના ‘વધારાના દિવસો’ કે ‘વધારાની પ્રક્રિયા’ના ઉપચારનો ખર્ચ દરદી પાસે અલગથી લેવામાં આવે છે. મોટે ભાગે જેઓને અગાઉથી અન્ય બીમારી હોય છે અને તેઓને સાજા થવા વધુ દિવસો જાય છે તેમને તો પેકેજ માટે અયોગ્ય જાહેર કરી દેવામાં આવે છે.’

લેખિકા અહીંયા જે પેકેજની વાત કરે છે તે પ્રેક્ટિસ મહંદશે કોર્પોરેટ હોસ્પિટલોની છે; હવે તે જોઈને પ્રમાણમાં નાની કહેવાતી હોસ્પિટલોમાં પણ આ ટ્રેન્ડ આવ્યો છે. જેમાં દરદીને દાખલ થતાં અગાઉ રૂપિયાની ચૂકવણી અને અદૃશ્ય ભારે ખર્ચા સમાવિષ્ટ હોય છે. તે અંગેનું એક ઉદાહરણ આપતાં લેખિકા લખે છે : ‘દિલ્હીના એક મોંઘીદાટ હોસ્પિટલમાં હાર્ટ સર્જરીના સ્પેશિયાલિસ્ટના અનુભવી ડૉક્ટર સ્વીકાર કરે છે કે પેકેજ માત્ર કેટલાંક મર્યાદિત દરદીઓ માટે ઉપયોગી હોય છે. આવા કિસ્સામાં દરદીઓની ઓછામાં ઓછી સારસંભાળ લેવી પડે તે રીતે પેકેજ તૈયાર કરવામાં આવે છે. દાખલા તરીકે, કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ[CABG] - જેને સામાન્ય રીતે ‘બાયપાસ સર્જરી’ કહેવામાં આવે છે- માટે બનાવવામાં આવેલા પેકેજમાં છ દિવસ સુધી હોસ્પિટલમાં ભરતી રહેવાનું, સર્જરી બાદ સતત ઓબ્ઝર્વેશન અને તે પછીની સંભાળ સામેલ છે. પરંતુ જો સર્જરી દરમિયાન દરદીને રક્તસ્ત્રાવ થાય અને લોહી ચઢાવવાની આવશ્યકતા ઊભી થાય અથવા તો પ્લેટલેટ્સની સંખ્યા અચાનક ઘટી જાય - તો આ સેવાઓ પેકેજમાં સામેલ નથી. ‘બાયપાસ સર્જરી’માં હાથ-પગમાં આવનારી નબળાઈ, દૃષ્ટિ કે બોલવા સંબંધિ મુશ્કેલી માટે ન્યૂરોલોજિસ્ટની તપાસ જરૂરી છે. પરંતુ પેકેજમાં આ પ્રકારના કન્સલ્ટેશનના કે ઈલાજના ખર્ચ ધ્યાને લેવામાં આવતા નથી. મોટા ભાગના દરદીઓને આ સારવાર લેવી પડે છે.’

સ્વાસ્થ્ય ક્ષેત્રના આપણા દેશના પ્રશ્નો ગંભીર છે અને તેમાં સૌથી મોટી ખાટલે ખોડ એ છે કે ‘GDP’ના સરખામણીએ સ્વાસ્થ્ય ક્ષેત્રે જે ખર્ચ આપણે કરીએ છીએ તે માત્ર ત્રણ ટકાની આસપાસનો છે. હવે અહીંયા યુરોપ કે અમેરિકા દેશોનો માપદંડ રાખીએ તો આપણે સ્વાસ્થ્ય ક્ષેત્રના ખર્ચથી હજુ જોજના દૂર છીએ. બીજુ કે આ પુસ્તક મહદંશે કોર્પોરેટ હોસ્પિટલ્સના પ્રશ્નોને ઉજાગર કરે છે. પરંતુ આપણે ત્યાં હજુય આંતરિયાળ વિસ્તારમાં લોકોને પૂરતી સ્વાસ્થ્ય સુવિધા મળતી નથી. આપણું રાજ્ય દેશમાં આર્થિક રીતે મજબૂત કહેવાતું હોવા છતાં અનેક વખત આપણા રાજ્યથી મેડિકલ સુવિધાના અભાવના ન્યૂઝ આવે છે. આ વર્ષના જૂન મહિનામાં છોટા ઉદેપુર જિલ્લામાં સગર્ભા મહિલાને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવા માટે ગ્રામવાસીઓ ઝોળીમાં લઈ જતો વીડિયો સામે આવ્યો હતો. આદિવાસી પટ્ટામાં આ દૃશ્યો સામાન્ય છે -આ અંગેના એટલાં બધા ન્યૂઝ આવી ચૂક્યા છે. બીજું કે ગ્રામિણ અને શહેરોમાં મળતી મેડિકલ સુવિધામાં પણ જમીન-આસમાનનો ફરક છે. આજે પણ શહેરોની મોટી હોસ્પિટલોમાં ગ્રામિણ વિસ્તારમાંથી આવનારા દરદીઓની સંખ્યા વધુ હોય છે. આવાં તો અનેક છીંડા સ્વાસ્થ્ય ક્ષેત્રમાં છે.

હવે મૂળ પુસ્તક પર આવીએ. આ પુસ્તકના પ્રથમ પ્રકરણ ‘ધ એમઆરપી ટ્રેપ’ વિશે લેખિકા ચોંકવનારો કિસ્સો લખે છે, ‘આશુતોષ સિંઘ નામના વ્યક્તિએ તેમની ટ્વિન દીકરીઓ સાથે દરિયા કિનારે લીધેલી એક તસવીર ફેસબુક પર પોસ્ટ કરી હતી. આ જૂની તસવીર હતી. અને તે તસવીર 31 ઑગસ્ટ 2017 અગાઉ લેવાઈ હતી. આ દિવસે તેમની દુર્ગા નામની દીકરીને ગુડગાંવ સ્થિત કોર્પોરેટ હોસ્પિટલમાં ડેન્ગ્યૂના ઈલાજ અર્થે દાખલ કરવામાં આવી હતી. તે વખતે દુર્ગાની ઉંમર સાત વર્ષની હતી. દાખલ કર્યાના પંદર દિવસ પછી દુર્ગાનું અવસાન થયું. માતા-પિતા માટે દીકરીને ગુમાવવી આઘાત સમાન હતું. આ સ્થિતિમાં હોસ્પિટલ તરફથી 16 લાખનું બિલ આવ્યું. તેમાં 611 સિરીંજ અને 1546 ગ્લોવ્ઝની જોડીનો ખર્ચ ગણવામાં આવ્યો હતો.’ તદ્ઉપરાંત હોસ્પિટલ દ્વારા એવી શરત મૂકવામાં આવી હતી કે જ્યાં સુધી બિલનું પેમેન્ટ નહીં થાય ત્યાં સુધી દુર્ગાનું શબ આપવામાં નહીં આવે. હોસ્પિટલના વલણને લઈને હોહા થઈ. છેક વાત તત્કાલિન કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડા સુધી પહોંચી. જે. પી. નડ્ડાએ એક્શન લેવાની બાંયધરી આપી. હોસ્પિટલે પોતાના તરફથી એક નિવેદન બહાર પાડ્યું અને ખર્ચની વિગત આપી. તે સમયે આ મુદ્દાની ખૂબ ચર્ચા થઈ. પરંતુ તે પછી પણ હોસ્પિટલોનું વલણ જરાસરખું બદલાયું નથી.

દુર્ગાના મૃત્યુ પછી છ અઠવાડિયામાં ગુડગાંવની હોસ્પિટલમાં બીજા એક સાત વર્ષના બાળકનું અવસાન થયું હતું. શૌર્ય પ્રતાપ પરમાર નામના આ બાળક બાર દિવસથી હોસ્પિટલમાં દાખલ હતું. તેના મૃત્યુ પછી હોસ્પિટલ દ્વારા પરિવારને સાડા પંદર લાખનું બિલ હાથમાં થમાવવામાં આવ્યું. આ બાબતની રજૂઆત શૌર્યના પિતા ગોપેન્દ્ર પરમાર તત્કાલિન રાજ્યના સ્વાસ્થ્ય મંત્રીને કરવા ગયા તો તેમણે ગોપેન્દ્ર સાથે તોછડાઈથી વાત કરતા કહ્યું કે, ‘તુ ગરીબ હૈ તો ક્યા અમિર બના દૂ તુઝે’ જોકે આખરે કેન્દ્રિય મંત્રી જે. પી. નડ્ડાએ હોસ્પિટલને વિનંતી કરી હતી કે પરિવારને પૂર્ણ નાણાં પાછા આપી દેવામાં આવે. હોસ્પિટલને નાણાં પાછા આપ્યા હતા. આ ઘટના બાદનું બાળકના પિતા ગોપેન્દ્રનું એક નિવેદન પુસ્તકમાં ટાંકવામાં આવ્યું છે. તે નિવેદન : ‘ડોક્ટર્સ અને હેલ્થ સિસ્ટમ પ્રત્યેનો પૂરો વિશ્વાસ મેં ગુમાવી દીધો છે. શાસનમાં કોઈ પણ પક્ષ હોય - કોઈ પણ ખાનગી હોસ્પિટલોના અન્યાય સામે પડકાર ફેંકી શકતું નથી.’

પત્રકાર લેખિકાએ દુર્ગાના કેસમાં જે રીતે બિલમાં ખર્ચની ગણના થઈ હતી, તેનું વિશ્લેષણ કર્યું છે. આ વિશ્લેષણનો આધાર -ધ નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈઝિંગ ઓથોરિટી-[NPPA]ના ભાવ અનુસાર કર્યું છે. ‘NPPA’ દેશમાં દવા અને સ્વાસ્થ્ય ક્ષેત્રે જોડાયેલી ચીજવસ્તુઓના કિંમતનું નિયમન કરતી એજન્સી છે. આ તપાસમાં બહાર આવ્યું કે, પેરાસિટેમોલ ઈન્જેક્શન - જે સામાન્ય રીતે તાવ અને દુખાવાના કિસ્સામાં ઉપયોગમાં લેવાય છે - જે સૌથી સામાન્ય દવા છે, તેની મહત્તમ કિંમત 36.29 રૂપિયા હતી. બિલમાં તેની કિંમત 310 મૂકવામાં આવી હતી. એ પ્રમાણે શરીરના બ્લડ ક્લોટ્સને તોડવા માટેની ફાઈબ્રોનોલિટીક એજન્ટ નામની દવાની મહત્તમ કિંમત 15.75 રૂપિયા હતી. આ દવાની કિંમત 69.77 વસૂલવામાં આવી હતી. આ તો ઉદાહરણ છે. આવી તો અનેક દવાઓની કિંમત ત્રણસો ટકા વધુ ગણીને બિલમાં મૂકવામાં આવી હતી. સ્વાસ્થ્ય ક્ષેત્રના ભ્રષ્ટાચાર અને ભેળસેળ વિશે આ પુસ્તક લખાયું હોવા છતાં તેમાં હજુય કામ કરવાનો અવકાશ છે. દેશભરમાંથી હોસ્પિટલો અને ડૉક્ટરોને સંડોવતી ઘટનાઓ આપણી સમક્ષ આવતી રહે છે. કોરોનાની મહામારી વખતે પણ તેનો અનુભવ આપણા સૌને થયો હતો. માનવતાની રીતે આ ઉમદા સેવાકાર્ય ખરેખર ક્યારે સેવા બનશે તે જોવાનું રહ્યું. હાલમાં તો આપણે સૌ આવાં જ સ્વાસ્થ્ય ક્ષેત્રના હવાલે છીએ. •




**પુસ્તક લખવાનું મુખ્ય કારણ અવંતિકા જણાવે છે કે, ‘હોસ્પિટલો વિશે જે રીતે લોકો અસુરક્ષતાની લાગણી અનુભવે છે તે કારણે આ લખવાની પ્રેરણા થઈ છે.’ લેખિકાએ દેશના મુખ્ય શહેરોનાં ડોક્ટરોના ઇન્ટર્વ્યૂ લીધા છે, સ્વાસ્થ્ય ક્ષેત્રે સંકળાયેલ લોકો સાથે સંવાદ કર્યો છે અને સાથે-સાથે પોતાનો વીસ વર્ષનો સ્વાસ્થ્ય ક્ષેત્રના પત્રકારત્વના અનુભવનો નિચોડ પણ પુસ્તકમાં રેડ્યો છે.**

**સ્વાસ્થ્ય ક્ષેત્રના ભ્રષ્ટાચાર અને ભેળસેળ વિશે આ પુસ્તક લખાયું હોવા છતાં તેમાં હજુય કામ કરવાનો અવકાશ છે. દેશભરમાંથી હોસ્પિટલો અને ડૉક્ટરોને સંડોવતી ઘટનાઓ આપણી સમક્ષ આવતી રહે છે**



# ભાવનાઓં કો સમજો

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

હમણાં થોડા દિવસ પહેલાં એક કોન્ફરન્સમાં એવું કહેવામાં આવ્યું હતું કે આજકાલ દુનિયાના દેશોમાં વધારે પડતા રાષ્ટ્રવાદ અને નકલી દેશભક્તિનો જે રોગ લાગ્યો છે, એ માત્ર 200-400 વર્ષ જૂનો છે અને આ ભાવનાએ માણસ જાતને બહુ નુકસાન પહોંચાડ્યું છે. એનાથી દેશ-દુનિયાનું વિભાજન થઈ રહ્યું છે. આ પૃથ્વી પર જે રહે છે, એ બધાં જ એક સરખા માણસો છે. કોઈ ચઢીયાતું કે ઊતરતું નથી. ભારતે એના મૂળ ફિલોસૂફી ‘વસુધૈવ કુટુંબ’ (આખું વિશ્વ એક પરિવાર છે) તરફ પાછા ફરવું જોઈએ. અતિ-રાષ્ટ્રવાદના ચક્કરમાં આપણે પડવું જોઈએ નહીં.

જો કે આ પ્રકારની ડાહી ડાહી વાતો દુનિયાના વિવિધ મંચ પરથી ઘણી વાર કહેવામાં આવે છે. આ બધું સાંભળનારના મૂડ પર નિર્ભર કરે છે કે તેઓ એને કેટલા ધ્યાનથી સાંભળે છે! ખેર, મેં તો આખી જિંદગી રાષ્ટ્રના પ્રત્યે ગર્વ અને પ્રેમભાવથી કામ ચલાવ્યું છે અને મારામાં રાતોરાત કોઈ મોટો બદલાવ આવે એવું શક્ય નથી. પણ એક મુશ્કેલી મને વારંવાર આવતી રહે છે અને બીજા ભારતીયોને પણ આવતી જ હશે. મુશ્કેલી એ છે કે આપણો આ 200-400 વર્ષમાં ફૂટી નીકળેલો નવો રાષ્ટ્રપ્રેમ કેવી રીતે અભિવ્યક્ત કરીએ?

આ બાબતમાં દુનિયાના ઘણા દેશો બહુ વિકાસ પામી રહ્યા છે. જેમ કે, આજકાલ જાપાન એના ઈલેક્ટ્રોનિક્સનો વિકાસ અને એના ઉત્પાદનોનું દુનિયાભરમાં થતા વેચાણને રાષ્ટ્રીય ગર્વ સાથે જોડે છે અને તેઓ ખુશ પણ છે. અમેરિકા કદાચ હોલીવૂડની ફિલ્મો, વ્હાઈટ હાઉસના અસ્થાઈ નેતાઓ અને તોતિંગ મિસાઈલોને પોતાનું ગર્વ માને છે. ઈંગ્લેન્ડવાળા રાજવી પરિવારના કિસ્સાઓ અને એમની રહેણીકરણીની જોઈને અને બી.બી.સી. ન્યૂઝ સાંભળીને રાષ્ટ્રના ગર્વમાં ડૂબી જાય છે. ઓસ્ટ્રેલિયા, ક્રિકેટની સફળતામાંથી એમની રાષ્ટ્રીયતાને જાળવી રાખે છે, જો કે મને ખબર નથી કે ઓસ્ટ્રેલિયા ક્રિકેટ સિવાય કેવો દેશ છે. રશિયા પાસે પણ રાષ્ટ્રીય ગર્વ કરવાના ઘણાં કારણો છે પણ સવાલ એ છે કે આપણે શું કરીએ?

આપણે સ્કૂલમાં હતા ત્યારે હિમાલય, તાજમહલ, ગંગા વગેરે પર ગર્વ કરી લેતા હતા એટલે આપણી રાષ્ટ્રીયતા સચવાઈ જતી હતી. રવિન્દ્રનાથને નોબલ પુરસ્કાર અને ધ્યાનચંદ્રની હૉકીના મેડલ પર આપણી રાષ્ટ્રીયતાની ભાવનાને પોરસ ચઢાવતા હતા. જવાહરલાલ નેહરૂને જોઈને, સાંભળીને એક જાતની ધરપત મળી જતી.

પણ આજકાલ રાષ્ટ્રીય ગર્વનું કેન્દ્ર શોધવામાં થોડી તકલીફ પડી રહી છે. ઉત્પાદન, ખેલકૂદ, સાહિત્ય, કન્સ્ટ્રક્શન બધી જગ્યાઓમાં આપણે ત્યાં હમણાં ગડબડ છે. મોટાભાગના ભારતીયો માટે હવે એક જગ્યાએથી બીજી જગ્યાએ, ફરતા રહેતા પ્રધાનમંત્રી જ રાષ્ટ્રીય ગર્વની વાત રહી ગઈ છે. એમને જોતા રહો અને છાતી ફુલાવીને કહેતા રહો, ‘આપણો પણ એક દેશ છે!’

આ અઠવાડિયે હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે કમસે કમ ખેલકૂદના ક્ષેત્રમાં રાષ્ટ્રીય ગર્વને જોડવું એ ભાવનાઓનો વેડફીને નિરાશાને નોતરવા જેવું છે. આ મામલામાં આપણે ભારતીય ફિલોસોફી તરફ વળી જવું જોઈએ કે ‘વિશ્વ એક કુટુંબ છે.’ વેસ્ટ ઈન્ડિઝ, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા કોઈ પણ ભારતની સામે જીતે કે હારે તો શું થઈ ગયું? ઠીક છે આપણે પણ માણસ છીએ. હારીએ તો શું? અને જીતીએ શું?

કર્મ કરતા રહેવું જોઈએ. કપ અને મેડલ આવે કે જાય! વિરાટ કોહલીને જુઓ, એ એકલો જાણે ક્રિકેટમાં આખી ફોજ જેવો છે. તેમ છતાંયે એ પણ એક માણસ જ છેને? એ રમે કે ના રમે, એમાં તમે આટલા દુ:ખી કેમ થાવ છો? આપણી રાષ્ટ્રીય ભાવનાઓને ખોટી જગ્યાએ ફીટ કરવામાં આ જ નુકસાન છે!

(મૂળ લેખ 1985-86)•

**આજકાલ રાષ્ટ્રીય ગર્વનું કેન્દ્ર શોધવામાં થોડી તકલીફ પડી રહી છે. ઉત્પાદન, ખેલકૂદ, સાહિત્ય, કન્સ્ટ્રક્શન બધી જગ્યાઓમાં આપણે ત્યાં હમણાં ગડબડ છે**

# લખનૌ T20I, ધુમ્મસ અને અમ્પાયર્સ : મેચ રદ થતાં પહેલા છ નિરીક્ષણ શેના માટે કરાયા?

ખેલખેલમેં

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પાંચ મેચની T20 ઈન્ટરનેશનલ સીરિઝની 17 ડિસેમ્બરના રોજ લખનૌમાં રમાનારી ચોથી T20 ધૂમ્મસને કારણે રદ થઈ અને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કદાચ આ એવો પહેલો પ્રસંગ હશે કે ધૂમ્મસને કારણે કોઈ મેચ રદ થઈ હોય. જો કે મહત્વની વાત એ નથી પણ મહત્વની વાત એ છે કે આ T20 મેચમાં અમ્પાયર્સે એક બે નહીં પણ છ નિરિક્ષણ કર્યા પછી મેચ રદ કરવાનો નિર્ણય લીધો હતો. હવે શિયાળામાં જ્યાં ધૂમ્મસ થતું હોય તેવા પ્રદેશમાં જેમ જેમ સાંજ ઘેરાતી જાય તેમ તેમ ધૂમ્મસ ઘટતું નથી પણ વધતું જાય છે, ત્યારે અમ્પાયર્સ એવું તે કયુ નિરિક્ષણ કરતાં હતા કે મેચ શરૂ કરી શકાય. એ ઉલ્લેખનીય છે કે ભારે ધુમ્મસને કારણે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની મેચ લગભગ ત્રણ કલાક મોડી પડી હતી અને છ વખત નિરીક્ષણ કરવાની જરૂર પડી હતી. ધુમ્મસને કારણે દૃશ્યતામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. સુધારો ન થતાં મેચ આખરે રદ કરવામાં આવી હતી.

ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા ચોથી T20I માટે ટોસ સાંજે 6:30 વાગ્યે નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ નબળી દૃશ્યતાને કારણે તેને મુલતવી રાખવામાં આવ્યો હતો. મેચ અધિકારીઓએ દર ૩૦ મિનિટે છ વખત પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું, પરંતુ કોઈ સુધારો જોવા મળ્યો ન હતો. રાત્રે ૯:૩૦ વાગ્યે અનુગામી નિરીક્ષણ બાદ મેચ રદ કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન ભારે ધુમ્મસને કારણે ભારતમાં આવી પરિસ્થિતિ પહેલી વાર બની હોય તેવું સંભવ છે. અમ્પાયર્સે શું નિરિક્ષણ કર્યું તે જાહેર થયું નહોતું પણ જો તેઓ એવું માનતા હોય કે ધુમ્મસ ઓછું થાય અને દૃશ્યતા સુધરે તો મેચ શરૂ કરી શકાય તો તેઓ જેટલા મોટા મુરખ આ જગતમાં કોઈ નથી એવું કહેવામાં કોઈ શરમ ન રાખવી જોઈએ. કારણ જેમ સમય પસાર થાય છે, તો આપણે તેમને પકડીને સ્પષ્ટતા માંગવી જોઈએ. ભૂતપૂર્વ ખેલાડી તરીકે, મને લાગે છે કે આપણે તે રમી શકીએ છીએ, પરંતુ સ્પષ્ટપણે નિયમોમાં કંઈક એવું છે જેના વિશે હું સંપૂર્ણપણે વાકેફ નથી. જો કે વાત અહીં એ જ છે કે અમ્પાયર્સે આટલા બધા નિરિક્ષણ કયા કારણોસર કર્યા અને તેઓ એવું તે શું જોઈ રહ્યા હતા કે જેનાથી તેમને મેચ રમાડી શકાય કે નહીં તે જાણ થઈ હોય. ધુમ્મસ થતો જાય તેમ તેમ ધુમ્મસ વધુ ઘેરું બનતું જાય એ વણલખ્યો નિયમ છે.



ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા મેચ માટે કોમેન્ટ્રી કરી રહેલા રોબિન ઉથપ્પાએ અમ્પાયરોના ટોસ મોડા કરવાના નિર્ણય પર ખુલ્લેઆમ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

રોબિન ઉથપ્પાએકહ્યું કે હું તમારી વાત પણ સાંભળી રહ્યો નથી કારણ કે મને અત્યારે અમ્પાયરના નિર્ણયથી ખૂબ જ આઘાત લાગ્યો છે. તેમને શું લાગે છે કે રાત પડતાં પરિસ્થિતિઓ સુધરશે? ઉથપ્પાએ કહ્યું હતું કે પરિસ્થિતિ સુધરશે નહીં, તે ફક્ત વધુ ખરાબ થશે. તે સમજની બહાર છે. તેઓ ખરેખર શું વિચારી રહ્યા છે? તેઓ શું વિચારે છે કે અડધા કલાકમાં શું થશે જે છેલ્લા દોઢ કલાકમાં બન્યું નથી? તે ખૂબ જ મૂંઝવણભર્યું છે. તેઓએ તેને બીજો અડધો કલાક આપવાનું નક્કી કર્યું. ઉથપ્પાએ કહ્યું હતું કે મેં આનાથી વધુ ખરાબ પરિસ્થિતિમાં, ખૂબ જ ભારે ધુમ્મસમાં ફર્સ્ટ-ક્લાસ મેચ રમી છે.

આ તેના કરતાં હાલની સ્થિતિ વધુ સારી છે. મને નથી લાગતું કે પરિસ્થિતિઓ સુધરશે. ડિસેમ્બરમાં એકાના સ્ટેડિયમમાં રાત્રિની T20I મેચનું આયોજન કરવામાં આવ્યું હતું તે પહેલી વાર હતું. ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા માસ્ક પહેરીને મેદાન પર જોવા મળ્યો હતો.

જેમ જેમ સાંજ પડતી ગઈ, ભીડ સ્ટેડિયમ છોડીને જવા લાગી. કેટલાક ગુસ્સે ભરાયેલા ચાહકોએ મેદાન પર રેલિંગ ઉપર કાગળ અને પ્લાસ્ટિકની વસ્તુઓ ફેંકીને પોતાની નારાજગી વ્યક્ત કરી . રોબિન ઉથપ્પા સાથે કોમેન્ટ્રી પર જોડાયેલા દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ઝડપી બોલર ડેલ સ્ટેનને પણ આશ્ચર્ય થયું કે સાંજ પડતાં ધુમ્મસ ગાઢ થતું ગયું હોવાથી દરેક નિરીક્ષણ દરમિયાન અમ્પાયરો શું જોઈ રહ્યા હતા. તેણે કહ્યું હતું કે હું કહેવા માંગતો હતો કે મને એક અમ્પાયર સાથે વાત કરવાનું ગમશે. ક્યારેક તેઓ કહે છે કે 8:30 વાગ્યે બીજું નિરીક્ષણ છે, પરંતુ મને બધા નિયમો ખબર નથી કે તેઓ શું જોઈ રહ્યા છે.

એક ખેલાડી તરીકે, તમારે ફક્ત મેચ રમવી જોઈએ. તેઓ શું જોઈ રહ્યા છે અને શું વિચારી રહ્યા છે તે જાણવું માહિતીપ્રદ રહેશે. જો તેઓ ફરીથી ઘટવાની કોઈ સંભાવના હતી જ નહીં તો પછી તેમણે 6.30 વાગ્યે ટોસ કરવાને સ્થાને છેક 9.30 વાગ્યા સુધી છ નિરિક્ષણો કરીને એવી તે કઈ ધાડ મારી તે તેમણે સમજાવવું જોઈએ. મેદાન પર હાજર કોમેન્ટરી ટીમના બે સભ્યો રોબિન ઉથપ્પા અને ડેલ સ્ટેને જે કંઈપણ પોતાની કોમેન્ટરી દરમિયાન કહ્યું તે ધ્યાને લેતા એટલું સમજી શકાય છે કે અમ્પાયર્સે બહું પહેલાથી આ મેચ નહીં રમાડી શકાય તેવો નિર્ણય કરી લીધો હતો પણ તે છતાં તેમણે પોતાના, ખેલાડીઓના, બ્રોડકાસ્ટરના અને ત્યાં ઉપસ્થિત તમામ ક્રિકેટ ચાહકોના ત્રણ કલાક બગાડ્યા અને તે પછી નિર્ણય લીધો કે આ મેચ રમાડી શકાય તેમ નથી. •

**ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા ચોથી T20I માટે ટોસ સાંજે 6:30 વાગ્યે થવાનો હતો, પરંતુ નબળી દૃશ્યતાને કારણે તેને મુલતવી રાખવામાં આવ્યો અને મેચ અધિકારીઓએ દર ૩૦ મિનિટે છ વખત પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું, તે પછી કોઇ સુધારો જોવા ન મળતા રાત્રે ૯:૩૦ વાગ્યે છેલ્લા નિરીક્ષણ બાદ મેચ રદ કરવામાં આવી, જે નિર્ણય સાંજે જ લઇ લેવાયો હોત તેના માટે તેમણે ત્રણ કલાક બગાડ્યા**